અભ્યાસ પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધો.

(1) પિતાશ્રી દત્તુંને કોલેજમાં ભણવા ન મોકલવાનું વિચારતા હતા, કારણ કે ....

(ક) દત્તું હોશિયાર ન હતી.
(ખ) કૉલેજની ફી વધુ (મોંઘી) હતી.
(ગ) દત્તુંને કમાતો કરી દેવો હતો.
(ઘ) દત્તુંના બધા ભાઈઓ કોલેજ માં નિષ્ફળ રહ્યા હતા.

(2) 'જીવનપાથેય' પાઠમાં 'વિચારશૃંખલા' એટલે ...

(ક) વિચારોની ક્રમિકતા (ખ) પ્રવાસ (ગ) ધ્યેય (ઘ) માન્યતા

(3) કાકાસાહેબ બાળપણમાં કુટુંબીજનો કયા નામે બોલાવતા?

(ક) સત્તુ (ખ) દત્તું (ગ) કકકું (ઘ) કાકૂ

(4) લેખકને આખી રાત ગાડીમાં ઊંઘ ન આવવાનું કારણ કર્યું હતું ?.

(ક) લેખક ને પસ્તાવો થતો હતો.
(ખ) લેખકની યોજના બંધ રહી હતી.
(ગ) લેખકના પિતાજી માન્યા નહીં.
(ઘ) લેખકને થયું હવે હું કઈ રીતે ભણીશ?

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) લેખક ના પિતાશ્રી શા માટે હતાશ થયા હતા?

ઉત્તર : લેખક પિતાશ્રીએ પોતાના દીકરાને અંગ્રેજી કેળવણી આપવા ખર્ચ કર્યો, પણ તેમની આશા ફળી નહિ. તેથી તે ખૂબ હતાશ થયા હતો.

(2) પૈસાદાર થવા બાબત લેખકની શી માન્યતા હતી?

ઉત્તર : પૈસાદાર થવા બાબત લેખક માનતા હતા કે વેપારી થવા માટે મોટી મૂડી જોઈએ અને મૂડી હોય તો પૈસાદાર થવાય, પણ એમાં પ્રતિષ્ઠા નથી, તેથી નોકરિયાતને ભલે પગાર ઓછો હોય પણ લાંચ લઈને પૈસાદાર થઈ શકાય છે.

(3) 'વાંક બીજાનો ને સજા મને થાય છે ?' – એમ કોણ વિચારતું?

ઉત્તર : કાકાસાહેબ (લેખક)  વિચારતા હતા,

(4) લેખકને સાચી કેળવણી ક્યાં મળી?

ઉત્તર : લેખકને સાચી કેળવણી સાંગલી અને પુણે વચ્ચે ટ્રેનમાં મળી.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) લેખક ના પિતાશ્રી પૂણે શા માટે જાય છે?

ઉત્તર : લેખક ના પિતાશ્રી સાંગલી રાજ્યના ટ્રેઝરી ઑફિસર હતા. તેથી તે સાંગલી રાજ્ય માટે પ્રોમિસરી નોટ ખરીદવા માટે ત્રણેક લાખ રૂપિયા લઈને પુણે જાય છે.

(2) લેખકને સાચી કેળવણી ક્યારે મળી?

ઉત્તર : લેખક ના પિતાશ્રી સાંગલી રાજ્ય માટે પ્રોમિસરી નોટ ખરીદવા પૂણે જતા હતા, લેખક લાંચ લઈ પૈસાદાર થવામાં માનતા હતા. તેમણે એમના પિતાજીને સસ્તે ભાવે નોટો ખરીદીને રાજ્યને બજાર ભાવ આપવાની સલાહ આપી. પિતાજીએ એ વાતમાં દીકરાની દીનતા જોઈને કહ્યું કે તારી કેળવણી પર ધૂળ છે. મહેનતના રોટલામાં સંતોષ માનવો, અન્નદાતાને છેતરવો નહીં . લક્ષ્મી તો આજે છે ને કાલે નથી. આબરૂથી રહેવું. લેખકે પોતાની વાતને અનુસરવાનું નક્કી કર્યું. આમ, લેખકને સાંગલી અને પુણે વચ્ચે ટ્રેનમાં સાચી કેળવણી મળી,

સ્વાધ્યાયના પ્રશ્નોત્તરી

પ્રકરણ 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) કાકાસાહેબના પિતા શ્રી શરૂઆતમાં મને કોલેજમાં મોકલવા કેમ ઇચ્છતા ન હતા? એમનો વિચાર શાથી બદલાયો ?

ઉત્તર : કાકાસાહેબના પિતાશ્રી શરૂઆતમાં મને કોલેજ માં મોકલવા ઇચ્છતા ન હતા કારણ કે કાકાસાહેબ સિવાયના અન્ય ભાઈઓની કેળવણી પાછળ ખર્ચ કરવા છતાં એમની આશા ફળી નહોતી, કાકાસાહેબે પિતાશ્રી આગળ દલીલ કરી કે મારાં અંગ્રેજી-ગણિત સારાં છે ને હવે ઇજનેરી લાઇનમાં જવાની મારી ઇચ્છા છે. પિતાશ્રી એમની દલીલથી પીગળ્યા ને તે કાકાસાહેબ કોલેજમાં ભણાવવા તૈયાર થયા.

(2) કાકાસાહેબ વકીલને બદલે એન્જિનિયર થવાનો હેતુ શો હતો?

ઉત્તર : વકીલ થવામાં લાંચ લેવાનું થાય, પ્રજાને હેરાન કરવી પડે ને અન્યાય કરવો પડે, ત્યારે એન્જિનિયર થવામાં લાંચ લેવામાં સરકાર છેતરાય, પ્રજાને હેરાનું કરવી ન પડે કે અન્યાય પણ ન થાય, વળી ધર્મમાં પણ ધર્મબુદ્ધિ સાચવવાનું ગૌરવ લઈ શકાય. વકીલ બદલે એન્જિનિયર થવા પાછળ નો લેખકનો આ હેતુ હતો.

(3 ) લેખકના કયા સુચનથી એમના પિતાશ્રીને આઘાત લાગ્યો?

ઉત્તર : લેખકે એમના પિતાશ્રી ને કહ્યું, ''પ્રોમિસરી નોટ ના ભાવ રોજ બદલાય છે. આપણે કંઈક મહેનત કરીશું તો જાહેર ભાવો કરતાં કંઈક સસ્તે ભાવે પ્રોમિસરી નોટો ખરીદી શકીશું, રાજ્યને તો બજારભાવ જ બતાવીશું અને વચમાં જે નફો મળશે તો આપણે લઈશ. કોઈને ખબર નહીં પડે ને સહેજે ભારે નફો થશે.' લેખકના આ સૂચનથી પિતાશ્રીને ભારે આઘાત લાગ્યો.

(4) કાકાસાહેબના વિચાર જાણી એમના પિતાશ્રી સો ઉત્તર આપ્યો?

ઉત્તર : કાકાસાહેબના વિચાર જાણી એમના પિતાશ્રી એ કહ્યું, " દત્તું, મેં માન્યું નહોતું કે તારામાં આવી હીનતા હશે. તારી વાતનો અર્થ એ જ છે કે મારે મારા અન્નદાતા ને છેતરવા તારી કેળવણી પર ધૂળ છે. આપણા કુળદેવી આપણને ૪ રોટલો આપ્યો છે તેટલાથી જ સંતોષ માનવો, લક્ષ્મી તો આજે છે ને કાલે નથી, આબરૂથી રહેવું એ જ મોટી વાત છે. મરીને ઈશ્વર આગળ ઊભો થઈશ ત્યારે શું જવાબ આપીશ ? કોલેજમાં ભણીને એવું જ કરવાનું ને? એના કરતાં અહીંથી જ પાછો જાય એ શું ખોટું ?"

(5) પિતાશ્રીનું ઉત્તર સાંભળતાં કાકાસાહેબની શી સ્થિતિ થઇ? એમણે શો નિશ્ચય કર્યો?

ઉત્તર: પિતાશ્રીનું ઉત્તર સાંભળતાં કાકાસાહેબ સડક થઈ ગયા, ગાડીમાં આખી રાત ઊંઘ ન આવી. એમણે હરામનો ધનનો કોઈ કાળે લોભ ન કરવાનો ને પિતાના નામને કલંક ન લાગે એમ વર્તવાનો નિશ્ચય કર્યો.

(6) "અધર્મમાં પણ ધર્મબુદ્ધિ' કાકાસાહેબ કઈ રીતે સાચવવા ઇચ્છે છે

ઉત્તર : લોકો લાંચ લઈને પૈસાદાર થાય છે. તેને થયું કે મામલતદાર કે મુનસફ લાઈનમાં લાંચ મળે પણ પ્રજાને કનડવી પડે. પ્રજાને અન્યાય થાય એ ઠીક નહિ. એના કરતાં એલ.સી.ઈ. થઈને એન્જિનિયર થવું. એમાં કોન્ટ્રાકટર પાસેથી લાંચ લેવામાં વાંધો નહિ, કારણ કે એમાં સરકાર છેતરાય, પ્રજાને કનડવાનું એમાં ન હોય. આ રીતે લેખક 'અધર્મમાં પણ ધર્મબુદ્ધિ' સાચવવા ઇચ્છે છે.

પ્રશ્ન 2. નીચેના વિધાનો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો :

(1) "પ્રોમિસરી નોટ ના ભાવ રોજ બદલાય છે.'

ઉત્તર : આ વિધાન કાકાસાહેબ બોલે છે ને એમના પિતાશ્રી ને કહે છે.

(2) 'મેં માન્યું નહોતું કે તારામાં આવી હીનતા હશે."

ઉત્તર : આ વિધાન કાકાસાહેબ ના પિતાશ્રી બોલે છે ને કાકાસાહેબને કહે છે.

(3) 'તારી કેળવણી પર ધૂળ છે.'

ઉત્તર : આ વિધાન કાકાસાહેબ ના પિતાશ્રી બોલે છે ને કાકાસાહેબને કહે છે.

(4) 'તું કોલેજમાં જાય છે ત્યાં ભણીને તું એવું જ કરવાનો ને?'

ઉત્તર : આ વિધાન કાકાસાહેબ ના પિતાશ્રી બોલે છે ને કાકાસાહેબને કહે છે

પ્રશ્ન 3. નીચેના દરેક રૂઢિપ્રયોગનો અર્થ આપી, તેનો વાક્યપ્રયોગ કરો :

(1) ઉમેદ બર ન આવવી – આશા ન ફળવી

વાક્ય : નાપાસ થતા, નિખિલની એન્જિનિયર થવાની ઉમેદ બર ન આવી

(2) શાખ જામવી - પ્રતિષ્ઠા ઊભી થવી

વાક્ય : પૌત્રીએ પેઢી પર બેસીને, દાદાની શાખ ફરી જમાવી.

(3) એકના બે ન થવું –પોતાની વાત પર મક્કમ રહેવું

વાક્ય : પૂજાલાલ ક્યારેય કોઈ વાત એક બે થતા નથી.

(4) ગળગળા થવું – ભાવુક થઈ ઉઠવું

વાક્ય : મોરારીબાપુની કથા સાંભળીને ઘણા ભાવિકો ગળગળા થઈ જાય છે.

(5) સડક થઈ જવું - આશ્ચર્યમૂઢ થઈ જવું

વાક્ય : નિર્દોષ માણસને ફાંસીની સજા થતાં ગામમાં લોકો સડક થઈ ગયા.

પ્રશ્ન 4. કૌંસમાં થી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

(1) પિતાશ્રી પીગળ્યા <u>અને</u> એમણે મને કોલેજ જવાની રાજા આપી.

(2) આ વિચાર અનેક વાર મનમાં આવતા, પણ કોઈની આગળ એ બોલવાની મારી હિંમત ન હતી.

(3 ) આપણી પાસે કંઈ એવી મુડી નથી કે આપણે વેપાર કરી પૈસાદાર થઈ શકીએ.

પ્રશ્ન 5. યોગ્ય વિરામચિહ્નો મૂકો : -

(1) મેં એમને કહ્યું તમે જાણો છો કે તમારું અંગ્રેજી અને ગણિત બંને સારા છે.

ઉત્તર મેં એમને કહ્યું, "તમે જાણો છો કે તમારું અંગ્રેજી અને ગણિત બંને સારા છે."

(2) ત્યાં ભણીને તું એવું જ કરવાનો ને એના કરતાં અહીંથી જ પાછો જાય એ શું ખોટું

ઉત્તર : "ત્યાં ભણીને તું એવું જ કરવાનો ને ! એના કરતાં અહીંથી જ પાછો જાય એ શું ખોટું?"

પ્રશ્ન 6. જોડણી ધ્યાનમાં રાખો અને લખો :

(1) ધર્મબુદ્ધિ (2) વિચારશૃંખલા (3) નિશ્ચય (1) પિતાશ્રી

પ્રશ્ન 7. નીચેના વાક્યો વાંચી, એની સામે તેનો કાળ લખો :

(1) વાંક બીજાનો ને સજા મને થાય છે ! વર્તમાન કાળ

(2) હું આર્ટસ કોલેજ માં જઈએ. ભવિષ્યકાળ

(3) મારું અંગ્રેજી અને ગણિત બંને સારું છે. વર્તમાન કાળ

(4) મેં મનમાં વિચાર કરેલો ભૂતકાળ

(5) એક વખત પિતાશ્રી ખૂબ હતાશ થયા હતા. ભૂતકાળ

(6) તેમણે અંગ્રેજી કેળવણી પાછળ ભારે ખર્ચ કર્યો હતો. ભૂતકાળ